અપીલ અરજી નં.૧૪૩ તા.૨૧–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી આર એલ. ચુગ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી આર એલ. ચુગ (નિવૃત જડજ)ની તા.૩૦–૬–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૨૫ વાળી મિલ્કતમાં સા.વે.આ.નં.૭૨૭૨ તા.૨૫–૩–૯૫ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી સાથે (૧) માલિક કબ્જેદારે રજૂ કરેલ પુરાવા ની કોપી વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૩/૨૦૧૦–૧૧

શ્રી આર એલ. ચુગ (નિવૃત જડજ)ની તા.૩૦–૬–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા. પ્લોટ નં.૨૫ વાળી મિલ્કતમાં સા.વે.આ.નં.૭૨૭૨ તા.૨૫–૩–૯૫ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી સાથે (૧) માલિક કબ્જેદારે રજૂ કરેલ પુરાવાની કોપી વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૩ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી તથા મુદ્દા નં.૨ ની મળેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં મુદ્દા નં.૩ ના પ્રશ્ન હેઠળની માહિતી અરજદારને અપાયેલ છે કે કેમ? આપવાપાત્ર હોય તો તે અગર ઈન્કાર અંગે જોગવાઈસહ વિગત મોકલવા અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૧ તા.૨૭–૭–૧૦ થી ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત, અરજદારની જાણ હેઠળ માહિતી કે તેના ભાગ માટે અરજીની તબદીલી થયેલ હોય તો તેની વિગતો રજૂ કરેલ ન હોઈ માંગેલી માહિતી સુનિશ્ચિત કરવા તથા પક્ષકાર જાહેર માહિતી અધિકારી નકકી કરવા સદર માહિતી અરજદારે અપીલ અરજી સાથે મોકલવી આવશયક હોઈ તે મોકલવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ને.ટીડીઓ/૧૯૨૫ તા.૩–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અઠવાઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ અરજીની સા.વે.અઠવાઝોન/આરટીઆઈ/આ.નં.૩૨૨ તા. ૧–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનું ઈલેકશન કાર્ડની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૫૧૧ તા.૧૪–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની આઈ ડી નં.૧૪૬ તા.૩૦–૬–૧૦ ની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને કરવામાં આવેલ. મીસીસ કંચનબાઈ પ્રેમાભાઈ પટેલ, શ્રી નટવરભાઈ સોમાભાઈ પટેલ, શ્રી કંચનભાઈ સોમાભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ ઈન્વર્ડ નં.૬૬૦૬ તા.૩–૧૧–૯૩ થી એપ્રુઅલ પ્લાન માટે અરજી ટીપી સ્કીમ નં.૬ (મજુરા –ખટોદરા) ફા.પ્લોટ નં.૨૫ પૈકી સબ પ્લોટ ૧,૨ ,૩ અને ૪ સીટી સર્વે નં.૮૬૧ બી–૧ થી ૪ ના માલિકો પાટીદાર તરીકે અરજી કરેલ અને સા.વે./આ.નં.૭૨૭૨ તા.૨૫–૩–૯૫ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ માલિકી અંગેના ઉપર જણાવેલ નામો જમીન માલિકી (ધારણકર્તા કે કબ્જેદાર નહીં) તે અંગેની નકલોની માંગણી કરેલ છે.મુદ્દા નં.(૨) પ્રસ્તુતકેસમાં મુળ જમીન માલિક શ્રીમતિ ઈન્દુબેન, કીકીબેન તે સ્વર્ગસ્થ બળવંતરાય ડાહીયા પટેલ ની વિધવા અને તેમના અન્ય વારસદારોના નામો મહેન્દ્રકુમાર બળવંતરાય દેસાઈ, અરૂણકુમાર બળવંતરાય દેસાઈ, બેબી તે જયબાલા બળવંતરાય અને કુન્દનબેન. પ્લાનમાં નિર્દિષ્ટ વ્યકિતઓ કઈ કાયદેસરની પ્રક્રિયા ધ્વારા જમીન માલિક કબ્જેદાર તરીકે આવ્યા તે સ્પષ્ટ કરશો. મુદ્દા નં.૩ કબ્જેદાર કે ધારણકર્તા વ્યકિતઓને તેઓ પરવાનેદાર ગણોતયા કે ગેરકાયદે પ્રવેશકર્તા તરીકે ધારણકર્તા છે તેની ચકાસણી કર્યા વિના બાંધકામની મંજુરી આપી શકાય? મુદ્દા નં.૧ અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૨૨ તા.૧–૭–૧૦ થી સંપૂર્ણ રીતે ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.ટીપીઓ/૧૫૧૧ તા.૧૪–૭–૧૦ થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી બાબતે" ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૨૫ પૈકીવાળી મિલ્કતમાં સા.વે.ઝોન/આ.નં.૭૨૭૨ તા.૨૫–૩–૯૫ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી સાથે મુદ્દા નં.૧ થી ૩ માં જણાવ્યા મુજબ માલિકી/કબ્જા અંગે અરજદારકર્તા તરફથી પુરાવા રજૂ કરેલ ન હોય તે અંગેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. " તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૧–૭–૧૦ ના રોજ મુદ્દા નં.૩ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી તથા મુદ્દા નં.૨ ની મળેલી માહિતીથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ કબ્જેદાર ધારકોની ચકાસણી કર્યા વિના બાંધકામની પરમીશન અંગેની માહિતી કે જે આરટીઆઈ કાયદાની કલમ–૪ (ડી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે છે જે માહિતી અરજદારને આપેલ જણાતી નથી. તથા મુદ્દા નં.૩ બાબતે પણ અરજદારકર્તા તરફથી પુરાવા રજૂ કરેલ ન હોય માહિતી આપવાનો પ્રશ્ન થતો નથી તેવા પ્રત્યુત્તર બાબતે અરજદારે અપીલમાં યોગ્ય જવાબ પાઠવેલ નહીં હોવાનું જણાવી રજૂઆત કરેલ છે. કોઈ પણ વ્યકિતના પ્લાન બાબતે પેપર્સ રજૂ કર્યા હોય તેવું માનવાને કારણ છે. પેપર્સ વગર પ્લાન પરમીશનની મંજુરી હોય શકે નહીં મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારકર્તા ધ્વારા દસ્તાવેજ રજૂ થયેલ નહીં હોવાનું જણાવેલ છે. અરજદારની

અપીલમાંની રજૂઆત કાયદેસર હક ધારક વ્યકિત સિવાયનાને બાંધકામની મંજુરી બાબતેની રજૂઆત ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર માહિતીને અનુલક્ષી સબંધિત પરવાનગીના દફતરની તપાસણી અરજદારને પૂરી પાડી યર્થાથતા નકકી કરી શકાય. મુદ્દા નં.ર આંશિક કઈ કાયદાકીય પ્રક્રિયા ધ્વારા પ્લાનમાં નિર્દિષ્ટ વ્યકિતઓ માલિક કે કબ્જેદાર તરીકે આવ્યા તે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સંબધિત દફતરે માહિતી ન હોય તો કાયદાની કલમ–૬(૩) હેઠળ અન્ય જાહેર સત્તા મંડળ જેવાકે રેવન્યુ રેકર્ડ કે સીટી સર્વે રેકર્ડ ધરાવતી સક્ષમ સત્તાને દિન–પ થી વધુ નહીં તેવા સમયમાં તબદીલ કરવી રહે જે થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.ર ની અંશતઃ માહિતી અંગે અન્ય જાહેર સત્તા મંડળને તબદીલ કરવા તથા મુદ્દા નં.ર આંશિક અંગે બાબત હેઠળની પરવાનગી ધરાવતાં દફતરની તપાસણી પૂરી પાડી અરજદાર ઈચ્છે તે નકલો મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં પૂરી પાડવા તથા મુદ્દા નં.૩ ની પ્રક્રિયાની માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ )... ..જાણ તથા અમલ માટે
(ર) શ્રી આર એલ. ચુગ,ફલેટ નં.૫૦૪,અશોકા પેવેલીયન–બી,ન્યુ સીવીલ રોડ, સુરત.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.